# જામનગર મહાનગરપાલિકા

## આરોગ્ય શાખા –મહાનગરપાલિકા ખાતે

## તદન હંગામી ધોરણે કરાર આધીન જગ્યાઓ ભરવા અંગે.

જામનગર મહાનગરપાલિકા આરોગ્ય શાખા હસ્તક નેશનલ હેલ્થ મિશન અંતર્ગત જામનગર કોર્પોરેશનમાં નીચે જણાવેલ સ્ટાફની જગ્યાઓ તદન હંગામી ધોરણે ૧૧ માસના કરાર આધારે ભરવા તથા તેની પ્રતિક્ષાયાદી બનાવવા સદરહુ જાહેરાત આપવામાં આવેલ છે. માન્ય લાયકાત ધરાવતા ઉમેદવારોએ તા.૧૦/૦૬/૨૦૨૫ થી તા.૨૦/૦૬/૨૦૨૫ સુધીમાં આરોગ્ય સાથી સોફટવેરની લીંક https://arogyasathi.gujarat.gov.in પર ઓનલાઈન અરજી કરવાની રહેશે.

ઉપરોકત પોસ્ટ માટેની જરૂરી લાયકાત, ઉંમર અંગેની સ્પષ્ટતા ઉચ્ચક માસિક વેતન અંગેની સ્પષ્ટતા દર્શાવતી વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | જગ્યાનું નામ | જરૂરી શૈક્ષણીક લાયકાત | ઉચ્ચક માસિક |
|---|---|---|---|
| ૧ | મેડીકલ ઓફીસર (એમ.બી.બી.એસ.) (કુલ જગ્યા–૫) | ૧)ભારત સરકાર ધ્વારા માન્ય યુનિવર્સિટીમાંથી એમ.બી.બી.એસ. ડીગ્રી અથવા નેશલન મેડીકલ કાઉન્સિલ એકટ ૨૦૧૯ હેઠળ નિયત કરાયેલ અન્ય સમાન શૈક્ષણિક લાયકાત.<br>૨)ઈન્ટરશીપ પૂર્ણ કરેલ હોવી ફરજીયાત તથા અનુભવ હોય તો સામેલ કરવું<br>૩) નિયત કરાયેલ કોમ્પ્યુટર સંબંધે મુળભુત જ્ઞાન હોવું જોઈએ.<br>૪) ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષા પર પ્રભુત્વ હોવું જોઈએ. | ૭૫૦૦૦/– |
| ૨ | એકાઉન્ટન્ટ કમ ડેટા આસીસ્ટન્ટ (કુલ જગ્યા–૧) | કોમર્સ સ્નાતક એમ.કોમ/બી.કોમ. કોમ્પ્યુટર એપ્લિકેશનમાં ડીપ્લોમા/સર્ટીફીકેટ કોમ્પ્યુટર સોફટવેરનું (એકાઉન્ટ સોફટવેર, એમ.એસ.ઓફીસ, જી.આઈ.એસ. સોફટવેર વગેરે) હાર્ડવેરનું જ્ઞાન હોવું જોઈએ. ઓફીસ મેનેજમેન્ટ અને ફાઈલીંગમાં કુશળતા. અંગ્રેજી અને ગુજરાતીમાં સારી ટાઈપિંગ અને ડેટા એન્ટ્રી સ્કીલ તથા આ ભાષાઓનું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ. ઓછામાં ઓછો ૧ વર્ષનો અનુભવ ધરાવતા હોવા જોઈએ. | ૨૦,૦૦૦/– |
| ૩ | ફાર્માસીસ્ટ કમ ડેટા આસીસ્ટન્ટ (આર.બી.એસ.કે.) (કુલ જગ્યા–૧) | ઉમેદવારે માન્ય કોલેજ/યુનિવર્સિટીમાંથી બેચલર ઓફ ફાર્માસીસ્ટ/ડીપ્લોમા ફાર્માસીસ્ટ કરેલ હોવું જોઈએ. ઉમેદવાર ગુજરાતની ફાર્માસી કાઉન્સીલનું રજીસ્ટ્રેશન ધરાવતા હોવા જોઈએ.આર.બી.એસ.કે. ફાર્માસીસ્ટ કમ ડેટા આસીસ્ટન્ટની પોસ્ટ માટે ઉંમર મર્યાદા ૪૦ વર્ષ | ૧૬૦૦૦/– |
| ૪ | ફાર્માસીસ્ટ NHM (કુલ જગ્યા–૧) | ઉમેદવારે માન્ય કોલેજ/યુનિવર્સિટીમાંથી બેચલર ઓફ ફાર્માસીસ્ટ/ડીપ્લોમા ફાર્માસીસ્ટ કરેલ હોવું જોઈએ. ઉમેદવાર ગુજરાતની ફાર્માસી કાઉન્સીલનું રજીસ્ટ્રેશન ધરાવતા હોવા જોઈએ. | ૧૬૦૦૦/– |

**<u>ઓન લાઈન ફોર્મ ભરવા અંગેની અગત્યની સુચનાઓ :–</u>**

- મેડીકલ ઓફીસરની પોસ્ટ માટે વિદેશથી મેડીકલ સ્નાતક થયેલ ઉમેદવારોના કિસ્સામાં વિદેશની તથા ભારતીય ગુણ પધ્ધતિમાં વિસંગતતા હોઈ સમાનતા જળવાય તે હેતુ થી MCI-FMG સ્ક્રીનીંગ ટેસ્ટમાં મેળવેલ ગુણને ધ્યાને લેવામાં આવશે. ગુજરાત મેડીકલ કાઉન્સિલમાં રજીસ્ટ્રેશન હોવું ફરજીયાત છે.
- ફાર્માસીસ્ટની પોસ્ટ માટે ગુજરાત ફાર્માસી કાઉન્સીલમાં રજીસ્ટ્રેશન હોવું ફરજીયાત છે.
- મુળ લાયકાતના ફાઈનલ વર્ષમાં મેળવેલ ટકાવારીના આધારે મેરીટ યાદી તૈયાર કરવાની રહેશે.
- ૧ થી વધુ ટ્રાયલ માટે પ્રતિ ટ્રાયલ ૩% ની કપાત કરવાની રહેશે.
- એટેમ્પ્ટ સર્ટીફીકેટ ફરજીયાત અટેચ કરવાનું રહેશે.
- માર્કશીટમાં એટેમ્પ્ટની સંખ્યા દર્શાવેલ હોય તે માન્ય ગણવાની રહેશે.
- ઉમેદવારની ફકત ઓનલાઈન https://arogyasathi.gujarat.gov.in પર મળેલ અરજી જ સ્વીકારવામાં આવશે. આર.પી.એ.ડી. સ્પીડ પોસ્ટ, કુરીયર કે સાદી ટપાલ ધ્વારા મળેલ અરજીઓ માન્ય રહેશે નહી.
- સુવાચ્ય ઓરીજનલ ડોકયુમેન્ટની ફોટોકોપી સોફટવેરમાં ફરજીયાત અપલોડ કરવાની રહેશે. જરૂરી ડોકયુમેન્ટ અપલોડ કરેલ નહી હોય તેમની અરજી ના મંજુર કરવામાં આવશે.
- અધુરી વિગતોવાળી અરજીઓ અમાન્ય રહેશે.
- ઉમેદવાર એક કરતા વધુ અરજી કરી શકશે નહી.
- ઉકત જગ્યાઓ માટેનો કરાર આધારીત સમયગાળો ૧૧ માસ માટેનો રહેશે. જે મુદતમાં જરૂરીયાત તેમજ બજેટના આધારે વધારો કે ઘટાડો કરી શકાશે.

**<u>મેરીટ યાદી તૈયાર કરવાની પધ્ધતિ :–</u>**

- **એકાઉન્ટન્ટ કમ ડેટા આસીસ્ટન્ટ માટે** :– પસંદગી માટે B.com ગ્રેજ્યુએશનના ફાઈનલ વર્ષમાં મેળવેલ ટકાવારીના મહતમ ૭૦ ગુણના આધારે મેરીટ તૈયાર કરી તેમજ ફાઈનલ વર્ષમાં એક થી વધુ ટ્રાયલ હોય તો પ્રતિ અતિરિકત ટ્રાયલ ૩ % બાદ કરીને સિલેકશન કમિટી ધ્વારા મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે. (ઉદા.– ૭૫% મેળવેલ હોય તેને ૫૨.૫ ગુણ તથા બે ટ્રાયલ હોય તો ૫૨.૫–૩ = ૪૯.૫ ગુણ, ૩ ટ્રાયલ હોય તો ૫૨.૫–૬=૪૬.૫ ગુણ), એમ.કોમ. કરેલ હોય તેના ફાઈનલ વર્ષમાં મેળવેલ ટકાવારીના ૧૦% સુધી વેઈટેજ મળવાપાત્ર રહેશે. (ઉદા.–૮૦% મેળવેલ હોય તેને ૧૦% લેખે ૮ ગુણ, ૭૦% મેળવેલ હોય તેને ૧૦% લેખે ૭ ગુણ) એકાઉન્ટન્ટ કમ ડેટા

આસી.ની કેડર માટે કોમ્પ્યુટર સ્કીલ આવશ્યકતા હોઈ ToR માં દર્શાવ્યા અનુસાર ડીપ્લોમા/સર્ટીફીકેટ કોમ્પ્યુટર એપ્લીકેશન લાયકાત ધરાવતા હોય તેમને સિલેકશન કમિટી ધ્વારા મેરીટમાં કન્સીડર કરવામાં આવશે. અનુભવના મહતમ ૨૦ ગુણ ગણવામાં આવશે. (ઉદા.–૧ વર્ષનો અનુભવ હોય તો ૨ ગુણ, ૨ વર્ષનો હોયતો ૪ ગુણ) આ પ્રમાણે મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે.

- **મેડીકલ ઓફીસર માટે :–** એમ.બી.બી.એસ.માં ફાઈનલ વર્ષમાં મેળવેલ કુલ ટકાવારીના આધારે તેમજ એક વધુ પ્રયત્ન ફાઈનલ વર્ષમાં હોય તો પ્રતિ પ્રયત્ન ૩% માઈનસ કરી મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે.

- **આર.બી.એસ.કે. ફાર્માસીસ્ટ કમ ડેટા આસી. માટે :–**

  ૧) ઉચ્ચતર માધ્યમિક બોર્ડ (વિજ્ઞાન વિષયો)માં મેળવેલા ટકાવારીના ૪૦%
  ૨) સ્નાતકમાં મેળવેલ ટકાવારીના ૪૦ %.
  ૩) ગુજરાતમાંથી ઉચ્ચતર માધ્યમિક બોર્ડમાં પાસ થયેલા ઉમેદવારોને ૧૦% .
  ૪) ગુજરાતમાંથી સ્નાતકની લાયકાત ધરાવતા ઉમેદવારોને ૧૦%.
  ૫) એચ.એસ.સી.માં એકથી વધુ દરેક પ્રયત્ન દીઠ ૩% કપાત.
  ૬) સ્નાતકમાં એકથી વધુ દરેક પ્રયત્નદીઠ ૩% કપાત.
  ૭)ફાર્માસીસ્ટ કમ ડેટા આસી.ની પોસ્ટ માટે સરખા મેરીટના કિસ્સામાં મેનેજમેન્ટ/કોમ્પ્યુટરમાં અતિરીકત સર્ટીફીકેટ/કવોલીફીકેશન ધરાવનારને પ્રાધાન્ય આપવામાં આવશે.

- **ફાર્માસીસ્ટ(NHM) પોસ્ટ માટે :–**

૧) ઉચ્ચતર માધ્યમિક બોર્ડ (વિજ્ઞાન વિષયો)માં મેળવેલા ટકાવારીના ૪૦%
૨) સ્નાતકમાં મેળવેલ ટકાવારીના ૪૦ %.
૩) ગુજરાતમાંથી ઉચ્ચતર માધ્યમિક બોર્ડમાં પાસ થયેલા ઉમેદવારોને ૧૦% .
૪) ગુજરાતમાંથી સ્નાતકની લાયકાત ધરાવતા ઉમેદવારોને ૧૦%.
૫) એચ.એસ.સી.માં એકથી વધુ દરેક પ્રયત્ન દીઠ ૩% કપાત.
૬) સ્નાતકમાં એકથી વધુ દરેક પ્રયત્નદીઠ ૩% કપાત.
૭) હોસ્પિટલ/ડીસ્પેન્સરીમાં ડ્રગ્સ ડીસ્પેન્સીંગનો અનુભવ હોય તો ૧ વર્ષના અનુભવના ૧ ગુણ લેખે મહતમ ૧૦%

## <u>અપલોડ કરવાના થતા ડોકયુમેન્ટની યાદી :–</u>

- **મેડીકલ ઓફીસર (MBBS) :–**

  ૧) સ્નાતક ડીગ્રીની ફાયનલ વર્ષની માર્કશીટ
  ૨)ડીગ્રી સર્ટીફીકેટ
  ૩)ગ્રેજયુએશન એટેમ્પ્ટ સર્ટીફીકેટ
  ૪)ઉમરનો પુરાવો (જન્મનો દાખલો/સ્કુલ લીવિંગ સર્ટીફીકેટ)
  ૫)ગુજરાત મેડીકલ કાઉન્સિલનું રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ
  ૬) વિદેશથી તબીબી સ્નાતક હોવાના કિસ્સામાં MCI-FMG માર્કશીટ

- **એકાઉન્ટન્ટ કમ ડેટા આસીસ્ટન્ટ :–**

  ૧)બી.કોમ ડીગ્રીની છેલ્લા વર્ષની માર્કશીટ
  ૨) ગ્રેજયુએશન એટેમ્પ્ટ સર્ટીફીકેટ
  ૩) ડીપ્લોમા/સર્ટીફીકેટ કોમ્પ્યુટરનું પ્રમાણપત્ર/માર્કશીટ
  ૪) અનુભવનું પ્રમાણપત્ર
  ૫) ઉંમરનો પુરાવો (જન્મનો દાખલો/સ્કુલ લીવિંગ સર્ટીફીકેટ)
  ૬) એમ.કોમની છેલ્લા વર્ષની માર્કશીટ (જો હોય તો)

- **ફાર્માસીસ્ટ :–**

  ૧)ધોરણ–૧૨ માર્કશીટ
  ૨)ડીગ્રી/ડીપ્લોમા ફાર્મસીની છેલ્લા વર્ષની માર્કશીટ
  ૩)ધોરણ–૧૨ અટેમ્પ્ટ સર્ટીફીકેટ
  ૪) ડીગ્રી/ડીપ્લોમા એટેમ્પ્ટ સર્ટીફીકેટ
  ૫)ગુજરાત ફાર્મસી કાઉન્સિલનું રજીસ્ટ્રેશન
  ૬) લગત અનુભવ(જો હોય તો)નું પ્રમાણપત્ર
  ૭) ઉંમરનો પુરાવો (જન્મનો દાખલો/સ્કુલ લીવિંગ સર્ટીફીકેટ)

- **આર.બી.એસ.કે.ફાર્માસીસ્ટ કમ ડેટા આસી. :–**

  ૧)ધોરણ–૧૨ માર્કશીટ
  ૨)ડીગ્રી/ડીપ્લોમા ફાર્મસીની છેલ્લા વર્ષની માર્કશીટ
  ૩)ધોરણ–૧૨ અટેમ્પ્ટ સર્ટીફીકેટ
  ૪) ડીગ્રી/ડીપ્લોમા એટેમ્પ્ટ સર્ટીફીકેટ
  ૫)ગુજરાત ફાર્મસી કાઉન્સિલનું રજીસ્ટ્રેશન
  ૬) કોમ્પ્યુટર સર્ટીફીકેટનું પ્રમાણપત્ર
  ૭) ઉંમરનો પુરાવો (જન્મનો દાખલો/સ્કુલ લીવિંગ સર્ટીફીકેટ)

**નાયબ કમિશ્નર**
**જામનગર મહાનગરપાલિકા**

**જામનગર મહાનગરપાલિકા**
**આરોગ્ય શાખા –મહાનગરપાલિકા ખાતે**
**તદન હંગામી ધોરણે કરાર આધીન જગ્યાઓ ભરવા અંગે.**

જામનગર મહાનગરપાલિકા આરોગ્ય શાખા હસ્તક નેશનલ હેલ્થ મિશન હેઠળ ૧૫ મા નાણાપંચ હેઠળ મેડીકલ ઓફીસર (MBBS), એકાઉન્ટન્ટ કમ ડેટા આસીસ્ટન્ટ, ફાર્માસીસ્ટ કમ ડેટા આસીસ્ટન્ટ (આર.બી.એસ.કે.), ફાર્માસીસ્ટ(NHM) ની ભરતી ૧૧ માસ માટે કરાર આધારીત કરવાની છે. આ જગ્યાઓ માટેની જરૂરી વિગતો આરોગ્ય સાથી ની વેબસાઈટ https://arogyasathi.gujarat.gov.in પર પ્રદર્શિત કરેલ છે. ઈચ્છુક ઉમેદવારોએ તા.૨૦/૦૬/૨૦૨૫ સુધીમાં વેબ સાઈટ પર દર્શાવેલ પધ્ધતિથી અરજી કરવા જણાવવામાં આવે છે.

**ડે.કમિશ્નર**
**જામનગર મહાનગરપાલિકા**